ISSN No: 2455-734X (E-Journal)
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila College, Gandhinagar, Gujarat, India

# "દુર્યોધનનું પાત્ર એક નૂતનચિંતન" વ્યાસ અને ભાસની કલમે

**જેરામભાઇ વી. પટેલ**

**ABSTRACT**

રામાયણ અને મહાભારત આપણા દેશના અમૂલ્ય ગ્રંથ છે. આપણા દેશની સાંસ્કૃતિક ગરિમાનાં ભવ્યતમ પ્રતીકો એટલે રામાયણ અને મહાભારત. એમના અભાવમાં અદ્વિતીય અનુપમ વારસાની કલ્પના પણ કરવી કઠિન છે. જેના થકી હજારો વર્ષ પછી પણ આપણે જીવનના આદર્શો અને અસ્મિતાને બચાવી શક્યા છીએ. મહાભારતનું સાર્વભૌમ અને સાર્વકાલિન મહત્વ મહર્ષિ વેદવ્યાસે ખૂબજ દ્રઢતાપૂર્વક દર્શાવ્યું છે જે તેમણે આત્મપ્રશંસા માટે નહીં, પરંતુ ગ્રંથની વાસ્તવિકતા રજૂ કરતા શ્લોકમાં લખ્યું છે કે –

"ધર્મ, અર્થ, કામ અને મોક્ષની બાબતમાં હે ભરતશ્રેષ્ઠ! જે અહીં છે તે બીજે બધે છે અને જે અહીં નથી તે બીજે ક્યાંય નથી." (જોષી, મહા. આદિ. ૫૬-૩૩. પાન ૩૪૮)

મહાભારત બહુજનનો ગ્રંથ છે. મહાભારતની મહત્તા વિશે વ્યાસ લખે છે કે,

"જે વિદ્વાન બ્રાહ્મણે છ અંગ સહિત વેદોનો અભ્યાસ કર્યો હોય, વળી ઉપનિષદ પણ જાણતો હોય પરંતુ મહાભારતનો અભ્યાસ ન કર્યો હોય તો તે બુધ્ધિમાન નથી" (જોષી, મહા. આદિ. ૨-૨૩૫. પાન ૧૦૭)

મહાભારતમાં વ્યાસ, ભીષ્મ, વિદુર વગેરે મહાપુરૂષો, દ્રોણ, કૃપાચાર્ય, વગેરે આચાર્યો, વિશ્વામિત્ર, ભારદ્વાજ, આદિ ઋષિઓ, ગાંધારી, કુન્તી, દ્રૌપદી જેવી આર્યનારી, ચમત્કારી કૃષ્ણ, મહાપરાક્રમી પાંડવો, દુર્યોધન, કર્ણ વગેરે અનેક મહાનચરિત્રો આવે છે. પ્રત્યેક પાત્રોની પોત-પોતાની વિશિષ્ટતા છે.

ચારિત્ર્ય, નિષ્ઠા, બળ, જ્ઞાન બધું હોવા છતાં જીવનનો તાલ સચવાતો નથી. ''ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પરસ્પરને પૂરક થાય અને પ્રત્યેકનું મહત્વ જળવાય તો જ સમતુલા સચવાય" – આવું કહેવાનો કદાચ વ્યાસમુનિ પ્રયાસ કરે છે. તેથી જ કદાચ મહાભારતનાં પાત્રો અતિઉત્તમ, ઉદાત્ત પણ માનવી જ છે. માનવીમાં સામર્થ્ય અને દુર્બળતા હોય તે સ્વાભાવિક છે સજ્જનતા અને દુર્જનતા એક સિક્કાની બે બાજુ જેવા છે.

મહાભારતનું પાત્રવૈવિધ્ય અને વિશિષ્ટય અનેરૂં છે. તે પૈકીનું દુર્યોધનનું પાત્ર સવિશેષ ચર્ચાસ્પદ અને મહત્વનું છે. મહાભારતગ્રંથના ખલનાયક એવા આ ચરિત્રમાં સ્વભાવગત્ અનેક દુર્ગુણો જોવા મળે છે. દુષ્ટ, દુરાચારી, અહંકારી, વૈરવૃતિ રાખનાર, ઇર્ષાળુ, વિદ્રોહી, અન્યાયી, અધર્મી, કુળઘાતક, આચાર્યો તથા વડીલોનું અપમાન કરનાર એવા દુર્ગુણો ધરાવનાર દુર્યોધનનાં ક્યાંક વિશિષ્ટ વ્યકિતત્વનાં દર્શન થાય છે, જે તપાસવાનો અહીં ઉપક્રમ છે:

### ❖ તે કુશળ રાજનીતિજ્ઞ છે.

ભીષ્મ ,દ્રોણ,કૃપાચાર્ય ,જેવા શક્તિશાળી મહારથીઓના પાંડવો તરફનો પક્ષપાત સાહજિક હતો છતાં પોતાનાં પક્ષમાં રાખવાનો સફળ પ્રયાસ દુર્યોધનનો છે.

### ❖ તે સાહસિક અને પરાક્રમી યોદ્ધો છે :

ભીષ્માદિ મહારથીઓના મૃત્યુ પછી કર્ણ પણ યુદ્ધમાં મરાયો, જીવનસખા કર્ણના વિનાશને લીધે તે ક્ષણભર શિથિલ થઇ ગયો. તેની આ સ્થિતિ જોઇ કૃપાચાર્ય છેલ્લી વખત તેને પાંડવો સાથે સંધિ કરી લેવાની સલાહ આપી. પરંતુ ઊંડો નિ:શ્વાસ નાંખી દુર્યોધન પાંડવોએ કરેલ અન્યાયો લક્ષમાં રાખી એક વીરને છાજે એવી રીતે કૃપાચાર્યને તે કહે છે - ‘‘આ સમય સંધિનો નથી. પ્રાણહાનિનો ભય રાખ્યા વિના અંત સુધી લડવું એ જ મને શ્રેયસ્કર લાગે છે.” (જોષી, મહા. શલ્યપર્વ-૪-૧૪)

### ❖ ચાતુર્યપૂર્ણ મીઠીવાણી બોલનારો :

મહાભારતમાં દુર્યોધન ક્યાંક પ્રસંગોપાત મીઠી વાણી બોલનારો પણ છે .તેની અમૃત જેવી લાગતી વાણીના પ્રભાવથી શલ્યને મનાવી લઇ તેને કર્ણના સારથિ તરીકે નિયુક્ત કરે છે .પુત્રના મોહમાં અંધ ,પુત્રવત્સલ ધૃતરાષ્ટ્ર પણ તેની આવી વાણીથી ભોળવાઇ જઇ તેના ભયાનક પરિણામવાળા કાર્યને નકારી શકતો નથી.

### ❖ સ્વાભિમાનની ખુમારીવાળો યોદ્ધો:

કૌરવસૈન્યનો સંપૂર્ણ નાશ થતાં દુર્યોધન વિદ્યાના બળે એક જળાશયમાં છૂપાય જાય છે .પાંડવો દ્વારા શોધી કઢાયેલ દુર્યોધનની નબળાઇને પારખનાર યુધિષ્ઠિર તેના ધૈર્યને પ્રોત્સાહિત કરવા અને યુદ્ધ માટે ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે .તેમણે કહ્યું“ – તારો સંહાર કરીને જ અમે રાજ્ય મેળવવાના છીએ. દયનીય અવસ્થામાં રહેલો દુર્યોધન પોતાની સ્થિતિ મુજબ યુદ્ધની વ્યવસ્થા કરવાનું જણાવે છે) ”જોષી .મહા , (૨૭૯ પાન .૩૧ .અ .પર્વ શલ્યજળાશયમાંથી બહાર આવતા તેને જોઇ ભીમસેને તિરસ્કારયુક્ત હાસ્ય કર્યું તેથી તેનું ક્ષત્રિયત્વ જાગી ઉઠ્યું અને ભીમસેન સાથે ગદાયુદ્ધ કરવાનો પોતાનો સંકલ્પ જણાવ્યો .અંતે પૂર્વ નિયોજિત ગદાયુદ્ધમાં કૃષ્ણની કપટનીતિથી દુર્યોધન મૃત્યુને શરણ થાય છે.

❖ દ્દઢમનોબળ અને નિશ્ચયવાળો:

ઇન્દ્રપ્રસ્થ કે વનવાસ ભોગવતા પાંડવોની કીર્તિ કે પ્રશંસા તે સહન કરી શકતો નથી .પાંડવો માટેની સાહજિક ઇર્ષાને કારણે તે પાંડવોને ન્યાય-અન્યાય , ધર્મ કે અધર્મથી મારી નાંખવા જોઇએ એમ માને છે .

કર્ણ-શકુનિ વગેરે તેને શાંત કરતા .મૃત્યુપર્યંત પાંડવોને જમીન કે રાજયાર્ધ નહીં આપવાનો તેનો દ્દઢનિશ્ચય છે અને વળગી પણ રહે છે.

❖ મિત્રતા પર પૂર્ણ વિશ્વાસ/શ્રદ્ધા રાખનાર:

ઉત્તમ ધનુર્ધારી કર્ણને તે સૌથી નિકટનો સાથી માને છે .તેને અંગદેશનો રાજા બનાવે છે .કર્ણની સાહસિકતા અને શૂરવીરતાને લીધે પોતાના હિતેચ્છુઓમાં સવિશેષ શ્રદ્ધા તેને કર્ણ પર જ છે.

❖ ક્રોધનું સાક્ષાત્ મહાવૃક્ષ :

મહાભારતકાર દુર્યોધનને ક્રોધનું મહાવૃક્ષ કહે છે . વૃક્ષ મહાન તેવું હોય ભરેલું સંપૂર્ણ અહંકારથી દુર્યોધન ,છે ડાળી વૃક્ષની આ શકુનિ ,છે થડ વૃક્ષનું આ કર્ણ ,છે અંધ અજ્ઞાનથી તો છે ફળ અને ફૂલ મોટા તેના શાસન:દુ પ્રજ્ઞારહિત ધૃતરાષ્ટ્ર તે વૃક્ષનું મૂળ છે .

.મહા ,જોષી)આદિ-૧ .૬૫ પાન ૪૬(

દુર્યોધનનો આતિદર્પ તેના નાશનું કારણ બને છે.

❖ દૈન્યવૃતિવાળો -:

સમસ્ત કૌરવસૈન્યનો નાશ થતાં તેને વાસ્તવિકતાનું જાણે ભાન થયું હોય તેમ પોતાની જાતને તેણે જળાશયમાં છૂપાવી દીધી .વિધિએ તેને બહુ સાથ આપ્યો નહીં .પાંડવો તેને શોધતા-શોધતા તેની પાસે આવી પહોંચ્યા .યુધિષ્ઠિર તેને અનેક મર્મચ્છેદી વાક્પ્રહારો કરે છે તે સમયે દીનવાણી ઉચ્ચારતો દુર્યોધન કહે છે ‘‘જેને માટે હું યુધ્ધ કરતો હતો તે બધાં તો નાશ પામ્યા છે .વિધવા સ્ત્રીના જેવી પૃથ્વીને હવે હું ભોગવવા ઇચ્છતો નથી તમારે રાજ્ય કરવું હોય તો ભલે કરો ,હું મૃગચર્મ ધારણ કરી વનમાં જઇને વસીશ) ".જોષી .મહા ,શલ્ય પર્વ-૩૦- ,૪૧૪૨(૨૭૩પાન .૪૭,

❖ મહાકવિ ભાસનાં રૂપકોમાં દુર્યોધન :

મહાભારતના આદિપર્વમાં આ ગ્રંથની ભવિષ્યવાણી ઉચ્ચારતાં મહામુનિશ્રી વ્યાસ કહે છે કે... આશરો રાજાનો સેવક ઈચ્છાવાળો ઉન્નતિની રીતે જેવી” આ કવિ માટે ઉન્નતિ શક્તિની કવિત્વ રીતે તેવી છે લે ) "છે લે આશરો ગ્રંથનોજોષી.મહા , આદિ .૨૪૧-૨ . (૧૦૮ પાન

એ પ્રમાણે મહાભારતમાંથી પ્રેરણા પામીને સંસ્કૃત તેમજ અન્ય ભારતીય ભાષાઓમાં ઘણાં પરવર્તી કવિઓએ સાહિત્યસર્જન કર્યું અને સાહિત્ય જગતને સમૃદ્ધ બનાવ્યું .વિન્ટરનીત્ઝ કહે છે તેમ મહાભારત કોઇ એક જ સાહિત્યકૃતિ નથી ,એ તો જાણે સમગ્ર સાહિત્ય છે.

કવિઓ ક્રાન્તદર્શી હોય છે. ઇશ્વરની વિશાળ સૃષ્ટિમાં અનેકવિધ ઘટનાઓ બનતી હોય છે. જેનું દર્શન અને ચિંતન કરી કવિઓ પોતાનાં પ્રતિભાવો કાવ્યના સ્વરૂપમાં વર્ણવે છે. મહાકવિભાસે પણ મહાભારત નામનાં ઐતિહાસિક ગ્રંથના અધ્યયનથી તેમનાં મનોજગતમાં ઉત્પન્ન થયેલા વિચારો અને કલ્પનાઓને સુંદર નાટયદેહ આપ્યો છે. મહાભારતની કથાના વેધક પ્રસંગો, પાત્ર અને ઘટના પર આધારિત તેમણે દૂતવાક્ય,દૂતઘટોત્કચ, મધ્યમવ્યાયોગ, પંચરાત્ર, કર્ણભાર અને ઉરૂભંગ, જેવી વિશિષ્ટ અને અપૂર્વ નાટ્યસૃષ્ટિનું સર્જન કર્યું.

મહાકવિ ભાસ મુખ્યત્વે પ્રયોગશીલ નાટયકાર છે. ખ્યાતકથા મૂળસ્વરૂપે પ્રયોજાતાં તેમાં કોઇ રંજકત્વ કે અસરકારિત્વ રહેતું નથી. તેનાથી સભાન કવિ મહાભારતની સરળ કથાને મનોરમ બનાવે છે. કવિ કથા, પાત્ર કે પ્રસંગને પોતાના દ્રષ્ટિકોણથી જુએ છે.

અને પોતાની કૃતિઓમાં પ્રગટ કરે છે.

મહાકવિ ભાસના રૂપકોનાં પાત્રો સાદાં હોવા છતાં વૈવિધ્યસભર છે અને તેથી જ કદાચ બાણભટ્ટે ભાસનાં રૂપકોને "બહુભૂમક" કહ્યાં છે. ભાસ પ્રાય: માનસિક ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા પાત્રવિકાસ કરાવે છે. મૂળમાં ખલપાત્રો તરીકે પ્રચલિત પાત્રો તેમની કલમે માનવીય અને ઉમદા બન્યાં છે. રામાયણ-મહાભારતનાં ઉપેક્ષિત અને તિરસ્કૃત પાત્રોનું ગૌરવપૂર્ણ આલેખન કરવાની કવિનો અભિગમ છૂપો રહેતો નથી. જેમકે, તેમની કૈકેયી ખલનાયિકા નથી, વાલી સહાનુભૂતિને પાત્ર બને છે. હિડિંબા અને ઘટોત્કચ માત્ર જાતિથી રાક્ષસ છે ઇત્યાદિ. મહાભારતમૂલક કવિના રૂપકોના બધાં પાત્રો કરતાં સૌથી વધુ ધ્યાનાકર્ષક ચરિત્ર હોય તો તે છે દુર્યોધન. મહાભારતના અત્યંત ક્રૂર,દુષ્ટ, અધર્મી, અભિમાની, કપટી એવા દુર્યોધનને સુયોધન ચિતરવાનું સાહસ ભાસે કર્યું છે.

મહાકવિ ભાસના મહાભારતમૂલક રૂપકોમાં દુર્યોધનનું પાત્ર ચાર રૂપકોની અંદર અગત્યની ભૂમિકા ભજવે છે. પંચરાત્ર અને ઉરૂભંગમાં તે નાયકની ભૂમિકામાં તથા દૂતવાક્ય અને દૂતઘટોત્કચમાં પ્રતિનાયકના સ્વરૂપમાં પ્રસ્તુત થાય છે.

❖ પંચરાત્રનો દુર્યોધન:

મહાકવિ ભાસે આ રૂપકના દુર્યોધનના પાત્રમાં સમભાવપૂર્ણ ઉદાત્તીકરણ કર્યું છે .અહીં પ્રસ્તુત તેના વ્યક્તિત્વની કેટલીક વિશેષતાઓ તપાસીએ–

- યજ્ઞકાર્ય કરતો દુર્યોધન તે નિમિત્તે એકત્રિત થયેલા તમામ માન-સન્માન જાળવે છે. દ્રોણાચાર્યને લાગે છે કે પોતાનો શિષ્ય ધર્મનું અવલંબન કરે છે.
- યજ્ઞજન્ય સાત્વિકતાએ દુર્યોધનમાં વડીલો તથા ગુરૂ પ્રત્યે સદ્દભાવ જાગૃત કર્યો છે. યજ્ઞ પૂર્ણ થતાં તે આચાર્યને દક્ષિણા માગવાનું કહે છે .ક્ષણભર મૌન ધારણ કરેલા ગુરૂદ્રોણને તે બધું જ આપવા તત્પર બની આચાર્યને કહે છે હાથમાં મારા" – ) "આપનું બધું બાકીનું રહેશે ગદાપંચ પાન .૩૧-૧ . .(૧૩
- ગુરૂદ્રોણની દક્ષિણા પૂર્ણ કરવી અત્યંત કઠિન છે. શકુનિ અને કર્ણ દ્વારા તેનો વિરોધ થાય છે .પરંતુ સત્ય અને વચનપાલક દુર્યોધન કહે છે. હાથમાં" ) "છું ઈચ્છુ કરવા સત્ય તેને કર્યુ ગ્રહણ પાણીપંચ . .(૧૯ પાન .૪૭-૧આ પ્રકારની સત્યનિષ્ઠા ભાસના દુર્યોધનમાં જ સંભવી શકે.
- પોતાની દક્ષિણામાં દ્રોણાચાર્ય પાંડવોને રાજયાર્ધ આપવાની વાત કરતાં કરતાં પાંડવોની પ્રશંસા કરે છે .ત્યારે તેનું સ્વાભિમાન અને ગર્વ પ્રદીપ્ત થઇ ઊઠે છે .દ્રોણને તે જણાવે છે કે રાજ્યસભામાં અપમાનિત થયેલા પાંડવોનું સામર્થ્ય તે સમયે ક્યાં ગયું હતું) ?પંચ-૧ .૩૭(૧૫પાન .

યુધ્ધભૂમિમાં અભિમન્યુના પકડાઇ જવાથી તેના વ્યકિતત્વમાં રહેલો પિતૃભાવ જાગી ઉઠે છે. અભિમન્યુની ચિંતા કરતો તે અતિ ઉમદા ભાવથી કહે છે કે "કુળમાં વૈર હોય તો બાળકોનો કોઇ અપરાધ હોતો નથી(૫૩પાન .૪-૩ .પંચ) "

❖ **ઊરુભંગમાં દુર્યોધન:**

- આ રૂપકના આરંભમાં સૈનિકોએ કરેલા વર્ણનમાં દુર્યોધનની વીરતા ,નિપુણતા ,નીતિમત્તા પ્રગટ થાય છે .ગદાયુધ્ધમાં તે ભીમ કરતાં વિશેષ કૌશલ્ય બુધ્ધિવાળો છે .– તે નરશ્રેષ્ઠ કેળવાયેલો છે જયારે ભીમ બળવાન છે) .ઊરુ .૧-૧૯(

- પોતાનો શિષ્ય મારી સાક્ષીમાં અન્યાયથી પરાજિત થયો છે તેમ વિચારી ક્રોધે ભરાયેલા બલરામને તે ગુસ્સાને શાંત કરવાનું જણાવે છે .બલરામ સાથેના સંવાદમાં દુર્યોધનની ઉદાત્તતાના ભવ્ય દર્શન થાય છે .તે કહે છે– વેર અને વિગ્રહની કથા તથા અમે નાશ પામ્યા છીએ )ઊરુ .૧-૩૧.(૫૯પાન .

- ભીમના અન્યાયી ગદા પ્રહારથી મૃત્યુ શરણ થયેલો તે પોતાના પરાજયમાં તેનો નૈતિક વિજય જુએ છે.

- મૃત્યુની પીડાની પરવા ન કરતો દુર્યોધન જીવનની અંતિમ ક્ષણોમાં પોતાના પરિવાર મિલનના મર્મભેદી પ્રસંગે સ્વસ્થ રહી ,તીવ્ર વેદનાગ્રસ્ત હોવા છતાં ખુમારી અને અભૂતપૂર્વ ધૈર્ય ટકાવી રાખે છે .અત્યંત કારુણ્યમય સ્થિતિમાં તે તેના માતા-પિતા ,પત્નીઓ અને પુત્રને આશ્વાસન આપે છે .દુર્યોધનના આવા વ્યકિતત્વને જોઇ બલરામ પણ બોલી ઉઠયા ''અહો !વૈર પશ્ચાતાપમાં પરિણમ્યું) "ઊરુ.(૭૧પાન .

- દુર્યોધનની આવી દયાજનક સ્થિતિ જોઇ અશ્વત્થામા અત્યંત ક્રોધે ભરાય છે .અને કૃષ્ણ સહિત પાંડવોનો સંહાર કરી નાંખવાનું જણાવે છે કે ત્યારે દુર્યોધન સ્વસ્થતતાપૂર્વક તેને વારે છે અને સંસારનું સનાતન સત્ય રજૂ કરે છે'' .આ તો અસંતોષનું ફળ છે) "ઊરુ.(૭૩પાન .

## સંદર્ભ સાહિત્ય


[1] જોષી, દિનકર, સંપા. મહાભારત. "શલ્યપર્વ" . પ્રવીણ પુસ્તક ભંડાર: રાજકોટ. પ્રથમ આવૃત્તિ. ૨૦૧૦.

[2] મહાભારત. "આદિપર્વ" . પ્રવીણ પુસ્તક ભંડાર: રાજકોટ. પ્રથમ આવૃત્તિ. ૨૦૦૯.

[3] દલાલ, અનિલા, અનુ. 'મહાભારત અને આધુનિક દ્ષ્ટિકોણ' . સમ્યક્ પ્રકાશન. આર.આર. શેઠની કું. અમદાવાદ. દ્વિ.આ. ૧૯૯૦.

[4] દવે, પ્રા.પી.સી.અને પ્રા.સુરેશ જે. દવે, સંપા. પંચરાત્રમ. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. દ્વિ.આ. ૧૯૯૭-૯૮.

[5] ઉરુભંગમ. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. દ્વિ.આ. ૧૯૯૯.

[6] પંડયા, રતિપતિરામ ઉ. 'સંક્ષિપ્ત મહાભારત' . એન.એમ.ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ ૪૦૦૦૦૨/૧૯૯૦.

[7] ભટ્ટ, વસંતકુમાર એમ. દૂતઘટોત્કચમ. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. દ્વિ.આ. ૧૯૯૯.

[8] ઉપેન્દ્ર. મહાભારત ચરિત ચર્ચા. નમન પ્રકાશન: નવી દિલ્હી. પ્રથમ આવૃત્તિ. ૧૯૯૮.


### Author's Profile

**Jerambhai V. Patel.** Associate Professor. Uma Arts & Nathiba Commerce Mahila College, Gandhinagar.